નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/૭૦
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૬/૦૨/૨૦૧૭

# // પરિપત્ર //

**વિષયઃ– બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ / કોર્ટ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થયેલ હરાજી/વેચાણના કિસ્સાઓમાં તબદીલી નીતિ બાબત.**

નિગમના ફાળવણીદારો તેમની નાણાંકીય જરૂરીયાતો માટે બેંક / જી.એસ.એફ.સી. / જી.આઈ.આઈ.સી. તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવે છે. પરંતુ જયારે ફાળવણીદાર આવી ધિરાણ થયેલ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ જાય છે ત્યારે બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ કે અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા ગીરો મુકેલ મિલ્કતનો કબજો લેવામાં આવે છે અને તે જાહેર હરાજીથી કે અન્ય રીતે મિલ્કતનુ વેચાણ કરી તેની તબદીલી સારૂ નિગમને અરજી કરવામાં આવે છે. પરંતુ નિગમમાં બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થયેલ હરાજી / વેચાણના કિસ્સાઓમાં કેટલી તબદીલી ફી તેમજ વણવપરાશી દંડની રકમ વસુલ લેવી તેની સ્પષ્ટ નીતિ ન હોઈ આવા તબદીલીના કિસ્સાઓમાં તબદીલી ફી અને વણવપરાશી દંડ વસુલ લેવાનો નિર્ણય થવા સારૂ નિગમના નિયામક મંડળની તા.૦૨.૦૨.૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૪ મી સભામાં નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૨૨/પોસ્ટ વિતરણ/૪૯૪, તા.૦૨.૦૨.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંકઃ૨૧/પોસ્ટ વિતરણ/૪૯૪/૨૦૧૭ અન્વયે નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

**૧. બેંક / આરસીલ તથા અન્ય નાણાંકીય સંસ્થાઓના હરાજી/વેચાણના તબદીલીના કિસ્સાઓઃ–**

**તબદીલી ફીઃ–**

તમામ કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરના ૨૫% લેખે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

**વણવપરાશી દંડઃ–**

- અરજદાર પાસેથી મિલ્કતના વપરાશના પુરાવા તરીકે તબદીલીની અરજી તારીખ અગાઉના બે વર્ષના વપરાશી વીજ બીલો રજુ કરવાના રહેશે.
- નિગમના નીતિ નિયમ મુજબ પ્લોટ ઉપર ઓછામાં ઓછુ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ હોવુ જોઈએ.

- જાહેર હરાજીમાં મિલ્કત ખરીદનાર ધ્વારા કબજો સંભળ્યા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદના ૩ માસના વપરાશી બીજ બીલો રજુ કરવાના રહેશે.
- જે કિસ્સાઓમાં ઉકત બાબતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સાઓમાં જાહેર હરાજીથી મિલ્કત ખરીદનાર ધ્વારા સંભાળેલ મિલ્કતના કબજા તારીખથી એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહિ. ત્યારબાદના વણવપરાશી સમયગાળા માટે બીજા વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ દરના ૧% લેખે અને ત્યારબાદના વર્ષો માટે પ્રતિ વર્ષ ૩% લેખે દંડની વસુલાત કરવાની રહેશે.

**અન્યઃ—**

- નિગમના અન્ય તમામ બાકી લ્હેણાં વસુલ લેવાના રહેશે.

## ૨. ઓફીસીયલ લીકવીડેટર / ડી.આર.ટી. ના હરાજી/વેચાણના તબદીલીના કિસ્સાઓઃ—

**તબદીલી ફીઃ—**

તમામ કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરના ૨૫% લેખે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

**વણવપરાશી દંડઃ—**

- અરજદાર પાસેથી મિલ્કતના વપરાશના પુરાવા તરીકે તબદીલીની અરજી તારીખ અગાઉના બે વર્ષના વપરાશી વીજ બીલો રજુ કરવાના રહેશે.
- નિગમના નીતિ નિયમ મુજબ પ્લોટ ઉપર ઓછામાં ઓછુ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ હોવુ જોઈએ.
- જાહેર હરાજીમાં મિલ્કત ખરીદનાર ધ્વારા કબજો સંભળ્યા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદના ૩ માસના વપરાશી બીજ બીલો રજુ કરવાના રહેશે.
- આ પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં ઓફીસીયલ લીકવીડેટર / ડી.આર.ટી. ધ્વારા થયેલ હુકમ ધ્યાને લઈ, જે કિસ્સાઓમાં ઉકત બાબતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સાઓમાં જાહેર હરાજીથી મિલ્કત ખરીદનાર ધ્વારા સંભાળેલ મિલ્કતના કબજા તારીખથી એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહિ. ત્યારબાદના વણવપરાશી સમયગાળા માટે બીજા વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ દરના ૧% લેખે અને ત્યારબાદના વર્ષો માટે પ્રતિ વર્ષ ૩% લેખે દંડની વસુલાત કરવાની રહેશે. જેમાં પ્રિ—લીકવીડેશન ડયુઝ ઓફીસીયલ લીકવીડેટર / ડી.આર.ટી. પાસેથી વસુલ લેવાના રહેશે.

**અન્યઃ—**

- નિગમના અન્ય તમામ બાકી લ્હેણાં વસુલ લેવાના રહેશે.

## ૩. જી.આઈ.આઈ.સી. / જી.એસ.એફ.સીના હરાજી / વેચાણના તબદીલીના કિસ્સાઓઃ–

**તબદીલી ફી / વણવપરાશી દંડ / અન્ય બાકી લ્હેણાંઃ–**

- જી.આઈ.આઈ.સી. તેમજ જી.એસ.એફ.સી. ના તબદીલીના કિસ્સામાં સરકારશ્રી ધ્વારા તેમજ નિગમ ધ્વારા વખતો વખત પરિપત્રો જારી કરવામાં આવેલ છે. નિગમ ધ્વારા તારીખ ૦૮.૦૯.૨૦૦૪ થી સરકારશ્રીના પરિપત્ર તારીખઃ૦૭.૦૨.૨૦૦૪ અન્વયે પરિપત્ર જારી કરવામ આવેલ છે. જેની શરત નંબરઃ(૮) મુજબ, સદર ઠરાવની જોગવાઈઓ તારીખઃ૦૭.૦૨.૨૦૦૪ પછી થનાર હરાજીના કેસોને લાગુ પડશે તેમ જણાવેલ છે. સદર ઠરાવ બાદ અને તે અગાઉ સમયાંતરે સુધાર પરિપત્રો જારી થયેલ છે. જેથી જે તે સમયે થયેલ જાહેર હરાજી / વેચાણ મુજબ પરિપત્રોની જોગવાઈઓ ધ્યાને લઈ તબદીલી ફી / વણવપરાશી દંડ / બાકી લ્હેણાંની વસુલાત કરવાની રહેશે.

## ૪. કોર્ટ ધ્વારા થયેલ હુકમ અન્વયે મર્જર થયેલ કંપનીઓના તબદીલીના કિસ્સાઓઃ–

**તબદીલી ફી / વણવપરાશી દંડ / અન્ય બાકી લ્હેણાંઃ–**

- જે કિસ્સાઓમાં કોર્ટ ધ્વારા તબદીલી થયેલ હોય અને જો કંપનીઓ વચ્ચે મર્જર થતુ હોય તેવા કિસ્સાઓમાં મૂળ ફાળવણીદારની સહીનો આગ્રહ રાખ્યા વિના તબદીલી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.
- જો કંપનીના મર્જનને કારણે જુની કંપનીનું અસ્તિત્વ રહેતુ ન હોય / અનઔપચારીક પ્રકારની તબદીલી બનતી હોય તેવા કિસ્સામાં ૨૫% લેખે તબદીલી ફી તેમજ તબદીલીથી મિલ્કત મેળવનાર ધ્વારા જયારથી મિલ્કતનો કબજો સંભાળેલ હોય તે તારીખથી એક વર્ષના સમયગાળા માટે કોઈ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહિ. ત્યારબાદ વણવપરાશી રહેલ સમયગાળા માટે બીજા વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૧% લેખે તેમજ ત્યારબાદના વણવપરાશી સમયગાળા માટે પ્રતિ વર્ષ ૩% લેખે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. નિગમના તમામ બાકી લ્હેણાં વસુલ લેવાના રહેશે.
- અરજદારે મિલ્કતના વપરાશના પુરાવા તરીકે તબદીલીની અરજી તારીખ અગાઉના બે વર્ષના વપરાશી વીજ બીલો અને તેમજ જાહેર હરાજીમાં મિલ્કત ખરીદનાર ધ્વારા કબજો સંભળ્યા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદના ૩ માસના વપરાશી બીજ બીલો રજુ કરવાના રહેશે તેમજ પ્લોટ ઉપર ઓછામાં ઓછુ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામનો અહેવાલ મેળવવાનો રહેશે.

આ ઉપરાંત, જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા લીઝ ડીડ કાર્યાન્વિય કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં નિગમની પોલીસી મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જે કિસ્સાઓમાં નિગમ ધ્વારા

તબદીલી અંગેનો નિર્ણય લેવાયેલ હોય અને અરજદારશ્રી ધ્વારા તબદીલી ફી કે વણવપરાશી દંડની ભરપાઈ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ ખોલવાના રહેશે નહિ.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

—સહી—
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:—**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ—૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**